**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક(એ.પી.જોષી) સાહેબ શ્રી. ની કોર્ટમાં**
**મુ.છોટાઉદેપુર**

**ફો.કેસ. નં.૪૩૯૬/૨૦૨૪**

**આંક–૦૬**

**ફરીયાદી:–** શ્રી સરકાર.

<u>વિરૂધ્ધ</u>

**આરોપી:**–સુરલીબેન જયેશભાઈ રાઠવા

રહે.બોડગાંવ.તા.જી.છોટાઉદેપુર

ગુન્હા :– *<u>ગુજરાત પ્રોહી એકટ ની કલમ –૬૫ એએ મુજબ.</u>*.

–:: ઠ રા વ ::–

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે દારૂ લીટર–૦૫ ની કિ. રૂા–૧૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે.આરોપી આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક–૦૫ થી રેકર્ડ ઉપર નોધવામાં આવેલ છે તેમજ આંક–૦૪ થી પ્લી નોધવામાં અવેલ છે. જે પ્લીમાં આરોપી એ ગુનાનો એકરાર કરેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુંટુંબ ના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા કુટુંબની અમારી જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને કાદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો પર દયા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

હાથ ઉપરના કેસમાં આરોપી કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ

ના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાંાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમ ગુન્હો હોવાનું ણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર એક ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ના ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

આ કામના આરોપી-સુરલીબેન જયેશભાઈ રાઠવા- ક્રીમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ-૨૪૧ મુજબ થી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-*૬૫ એએ* મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા રૂા. ૫૦૦/- ( અંકે રૂપિયા પાંચસો પૂરા ) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ નભરે તો દિન-૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૨૨ મી જુન ૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક છોટાઉદેપુર**
**( Judge Code:- GJ01446)**

**સ્થળ :- છોટાઉદેપુર**

**તારીખ :-૨૨/૦૬/૨૦૨૪**

Receipt No.-____________/2024
Received Rs. **500/- Five hundred Rupees Only**
**Date-22/06/2024**

**Nazir**

**C.J.M Court Chhotaudepur**